વર્ષ ૨૦૨૬-૨૭ નવી બાબત

નવી બાબત ૨૦૨૬-૨૭

માંગણી ક્રમાંક ૯૬ TASP અંતર્ગત દૂધ સંજીવની યોજના (૧૦૦% સ્ટેટ બર્ડન) આદિજાતિ જિલ્લાના બાકી ૫૩ બ્લોકમાં યોજનાનો વ્યાપ વિસ્તાર વધારવાની તથા દૂધના પાઉચમાં ૧.૫%થી વધારીને 3% તથા ૪.૫% ચરબીનું પ્રમાણ કરવા અંગેની નવી બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/NIE/e-file/23/2025/1344/B

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૪/૧૨/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૦૨૦૦૯/૭૩૨૨૪૧/બ

(૨) આ વિભાગનો તા.૦૧/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:આઇસીડી/૧૧૨૦૧૪/૧૪૧૬/બ

(3) કૃષિ અને સહકાર વિભાગનો તા. ૨૭/૦૧/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: સદસ/૧૦૨૦૧૬/૨૨/ખ

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૭/03/૨૦૨૪ના પત્ર ક્રમાંક: TDD/NEW/E FILE/25/2023/1699/GH

(૫) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૧/૦૬/૨૦૨૬ નો પત્ર ક્રમાંક: પોષણ/આઇસીડીએસ/દૂધ સંજીવની નવી બાબત/૨૯૦૦૫/૨૦૨૬

પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્રમાંક (૧) આ વિભાગના તા.૨૪/૧૨/૨૦૦૯થી આંગણવાડી કેન્દ્રોના ૬ માસથી ૬ વર્ષના બાળકો,સગર્ભા મહિલાઓ તથા ધાત્રી માતાઓને ૬ આદિજાતિ જિલ્લાઓમાં દૂધ આપવાની દૂધ સંજીવની યોજનાની શરુઆત થયેલ હતી.ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક (૨)ના તા. ૦૧/૦૮/૨૦૧૪ના ઠરાવથી સદર યોજનાનો વ્યાપ વધારીને ૧૪ આદિજાતિ જિલ્લાના તાલુકાઓના ICDSના ૧૦૬ ઘટક તથા ૨૦ વિકાસશીલ તાલુકાઓમાં યોજનાનું અમલીકરણ કરવામાં આવેલ.વંચાણે લીધા ક્રમાંક (3) કૃષિ અને સહકાર વિભાગનો તા. ૨૭/૦૧/૨૦૧૬નો ઠરાવથીઆદિજાતિ વિકાસ વિભાગ, શિક્ષણ વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તક ચાલતી દૂધ સંજીવની યોજના અમલીકરણમાં છે. વંચાણે લીધા ક્રમાંક (૪) થી "દૂધ સંજીવની યોજના" હેઠળ ૨૦૦ મી.લી. ફોર્ટીફાઈડ ફ્લેવર્ડ દૂધમાં ફેટનું પ્રમાણ ૪.૫% (૯ ગ્રામ) કરવા અંગેની નવી બાબત તરીકે મંજુરી મળેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૫) થી દુધ સંજીવની યોજના (૧૦૦% સ્ટેટ બર્ડન) આદિજાતિ જિલ્લાના બાકી ૫૩ બ્લોકમાં યોજનાનો વ્યાપ વિસ્તાર વધારવાની તથા દૂધના પાઉચમાં ૧.૫%થી વધારીને 3% તથા ૪.૫% ચરબીનું પ્રમાણ કરવા અંગેની કમિશ્નરશ્રી( ICDS)ની કચેરી દ્વારા દરખાસ્ત કરેલ હતી, જે બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે દૂધ સંજીવની યોજના અંતર્ગત આદિજાતિ જિલ્લાના બાકી ૫૩ ઘટક ICDS બ્લોકમાં યોજનાનો વ્યાપ વિસ્તાર વધારવાની કુલ રૂ. ૩૭.૭૦૯ કરોડ તથા પાયલોટ પ્રોજેક્ટ તરીકે આદિજાતિ વિસ્તારના ૦૩ આદિજાતી જિલ્લાઓને નર્મદા, દાહોદ અને ડાંગ જિલ્લામાં 3% ફેટ મુજબના પ્રતિ પાઉચ લેખે તથા વલસાડ અને સાબરકાંઠા જિલ્લામાં ૪.૫% ફેટ મુજબના પ્રતિ પાઉચ લેખે વાર્ષિક ખર્ચ રૂ.૦.૩૦૩૫/- કરોડ એમ કુલ-૨ નવી બાબતોને આથી નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો :-</u>

(૧) પ્રસ્તુત બાબતનો ખર્ચ તા.૦૧-૦૪-૨૦૨૬થી કરવાનો રહેશે.

(૨) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચૂકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી કમિશ્નરશ્રી(ICDS), મહિલા અને બાળ વિકાસની કચેરીએ રાખવાની રહેશે.

(3) ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૪) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદીની જોગવાઇ કરવાની રહેશે.

(૫) કમિશ્નરશ્રી(ICDS), મહિલા અને બાળ વિકાસ કચેરીએ નાણાકીય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.

(૬) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૭) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૦) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના પરિપત્રો અને લાગુ પડતા ઠરાવો/નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતીથી કરવાનું રહેશે.

(૧૫) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૭) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈ પણ સંજોગોમાં નાણા વિભાગની પુર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી અન્યથા તે અંગેની જવાબદારી કમિશ્નરશ્રી(આઇસીડીએસ), મહિલા અને બાળ વિકાસની કચેરીની રહેશે.

(૧૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૯) ગ્રાન્ટ મળવાની અપેક્ષાએ ખરીદી કરવાની રહેશે નહી.

(૨૦) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માગણી નંબર: ૯૬

મુખ્ય સદર: ૨૨૩૬

પેટા મુખ્ય સદર: ૦૨

ગૌણ સદર: ૭૯૬

પેટા સદર: ૧૨ (૧૦૦% State)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૪/૦૬/૨૦૨૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

જયશ્રી પી વસાવા

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વતંત્ર હવાલો)મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૩) સચિવશ્રી (આ.બા)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૪) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

(૫) સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૬) કમિશ્નરશ્રી(ICDS) મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) નાણા સલાહકારશ્રી (મ.બા.વિ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ

(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૧૦) સેક્શન અધિકારીશ્રી (બજેટ) શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૧૧) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને અને બાળ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.

(૧૨) સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified

Signed by:J P Vasava
Deputy Secretary
Date:2026.07.01
18:37:50 +5:30